**શ્રી વી.એલ.પરદેશી, ઓથોરીટી અંડર ધી પેમેન્ટ ઓફ વેજીસ એકટ, લેબર કોર્ટ, સુરત સમક્ષ**

**પે.વે.અરજી નં.૩૪૭/૨૦૧૩**

**આંક : ૮**

અરજદાર : ૧. સત્ય પ્રકાશ સીંગ,
રહે : ફલેટ નં.૧૭, એ–બ્લોક, બિલ્ડીંગ નં.૩૮૬,
કોસાડ આવાસ, કોસાડ, સુરત.
૨. અવધ બિહારી સીંગ,
રહે : ઘર નં.૧૯૪, પટેલનગર, હરીનગરની પાછળ, ઉધના, સુરત.
૩. હરનારાયણ પ્રજાપતિ,
રહે : કાંતિલાલ મોહનલાલના મકાનમાં, જગદીશ કંપાઉન્ડ,
કાલીપુલ, સલાબતપુરા, સુરત.
૪. વિજેન્દ્ર શુકલા,
રહે : ૨૦૨૯–૩૦, નવરતન ચેમ્બર્સ, ભોજાભાઈની શેરી,
મહીધરપુરા, સુરત.

વિરૂધ્ધ

સામાવાળા : ૧. ચિત્રસેન માંગીલાલ શર્મા,
C/o. ઈગલ સીકયુરીટી એન્ડ પર્સનલ સર્વિસ,
ઠે. દુકાન નં.૧૨, નિર્મલા કો.ઓ.હા.સો.લી.,
જે.પી.રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ–૪૦૦૦૫૮
૨. વિનોદકુમાર તિવારી,
C/o. ઈગલ સીકયુરીટી એન્ડ પર્સનલ સર્વિસ,
ઠે.ગ્રાઉન્ડ ફલોર, માનીકા એપાર્ટમેન્ટ,
મહાકાલી કેવીસ રોડ, અંધેરી (ઈસ્ટ) મુંબઈ–૪૦૦૦૯૩

અરજદાર તરફે : વિ.વ.શ્રી વિજયકુમાર બી.માલી,
સામાવાળા તરફે : ગેરહાજર.

**:: હુકમ ::**

**(૧)** આ કામના અરજદારોએ પેમેન્ટ ઓફ વેજીસ એકટની કલમ–૧૫ ની પેટાકલમ–૨ તથા કલમ–૧૬ અન્વયે અરજી કરી સામાવાળાઓ તેઓને અરજીમાં જણાવ્યા મુજબની બાકી પગારની લેણી રકમ ચુકવી આપે તેવો હુકમ કરવા તથા અરજીનો ખર્ચ અપાવવા દાદ માંગેલ છે. અરજીના સમર્થનમાં અરજદારોએ સોગંદનામું કરેલ છે.

(૨) અરજદારો તરફે આંક–૨ થી વિ.વ.શ્રી વિજયકુમાર બી. માલીનું વકીલાતપત્ર રજુ થયેલ છે. અરજદારો તરફે આંક–૩ ના લીસ્ટથી દસ્તાવેજો રજુ થયેલ છે, જેમાં માર્ક–૩/૧ થી અરજદાર નં.૧ ના આઈકાર્ડ, ઈગલ સીકયુરીટી અને પર્સનલ સર્વિસ પોસ્ટીંગ અને ટ્રાન્સફર ઓર્ડરની ઝેરોક્ષ નકલ, માર્ક–૩/૨ થી અરજદાર નં.૨ ના અડાજણ પો.સ્ટે.ના ઈન્સ્પેકટરને ગનમેન તરીકે કરેલ અરજીની ઝેરોક્ષ ઈગલ સીકયુરીટી ધ્વારા તથા આઈકાર્ડ, બેંક એકાઉન્ટની ઝેરોક્ષ તથા હાજરીકાર્ડની ઝેરોક્ષ, માર્ક–૩/૩ થી અરજદાર નં.૪ ના ૧ એપ્રિલ–૨૦૧૩ થી ૩૦ એપ્રિલ–૨૦૧૩ સુધીના હાજરીપત્રકની ઝેરોક્ષ, માર્ક–૩/૪ થી અરજદાર નં.૩ ધ્વારા ઈગલ સીકયુરીટીને પગાર માટે લખાયેલ પત્રની ઝેરોક્ષ નકલ, માર્ક–૩/૫ થી અરજદારના વકીલશ્રી ધ્વારા સામાવાળા નં.૧ અને ૨ ને અપાયેલ નોટીસની ઝેરોક્ષ નકલ તેમજ માર્ક–૩/૬ થી સામાવાળા નં.૧ અને ૨ ને નોટીસ મળી ગયાની રજી.એ.ડી.ની એકનોલેજમેન્ટની ઝેરોક્ષ રજુ કરેલ છે.

(૩) અરજદારોની અરજી અન્વયે સામાવાળાઓને આંક–૫ અને આંક–૬ થી નોટીસની બજવણી થયેલ છે. સામાવાળાઓને નોટીસની બજવણી થવા છતાં સામાવાળાઓ તરફે કોઈ જવાબ રજુ થયેલ ન હોય અરજદારોના વિ.વ.શ્રીની આંક–૭ ની અરજી ઉપર હુકમ કરી સામાવાળાઓનો જવાબ રજુ કરવાનો હક બંધ કરવામાં આવેલ છે.

(૪) આ કામના અરજદારો તરફે કોઈ પુરાવા રજુ કરવામાં આવેલ ન હોય આંક–૧ ની અરજી ઉપર હુકમ કરી અરજદારોનો પુરાવો રજુ કરવાનો હક બંધ કરવામાં આવેલ છે. સામાવાળાઓ તરફે પણ કોઈ પુરાવો રજુ થયેલ ન હોય રોજકામમાં નોંધ કરી સામાવાળાઓનો પુરાવો રજુ કરવાનો હક બંધ કરવામાં આવેલ છે. પક્ષકારો તરફે દલીલ કરવામાં આવેલ ન હોય રોજકામમાં નોંધ કરી બંને પક્ષકારોનો દલીલ કરવાનો હક બંધ કરી સદરહુ કેસ ન્યાયના હિતમાં હુકમ ઉપર લેવામાં આવેલ છે.

(૫) સદરહુ કામનું રેકર્ડ વંચાણે લેતાં અરજદારોને અરજીમાં જણાવેલ હકીકતો પુરવાર કરવા અવારનવાર યોગ્ય, વ્યાજબી અને પુરતી તકો આપવામાં આવેલ હોવા છતાં અરજીની હકીકતોને પુરવાર કરવા માટે અરજદારોએ કોઈ મૌખિક પુરાવાઓ રજુ કરેલ નથી કે રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓને હાજર રહી મૌખિક જુબાનીથી સમર્થન આપેલ નથી. આ કામના અરજદારો અરજીમાં માંગ્યા મુજબ બાકી પગારની રકમ મેળવવા કઈ રીતે હકદાર થાય છે તેના પુરાવાઓ રજુ કરેલ ન

હોય અરજદારોની પુરાવાઓ રજુ કરવાની કસુર ધ્યાને લેતાં અરજદારોને આ કેસ ચલાવવામાં રસ નથી તેમ માનવાને પુરતુ કારણ છે, તેથી અરજદારોની અરજી રદ કરવા સિવાય અન્ય કોઈ વિકલ્પ રહેતો ન હોય અરજદારોની હાલની પે.વે.અરજી રદ કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

**:: હુકમ ::**

(૧) અરજદારોની પે.વે.અ.નં. ૩૪૭/૨૦૧૩ અરજદારોની ગેરહાજરી તેમજ પુરાવાઓ રજુ કરવાની કસુરને કારણે રદ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજ તારીખ ૨૭ મી ઓગષ્ટ સને ૨૦૧૮ નારોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

સ્થળ : સુરત.
તા. ૨૭/૮/૨૦૧૮

વંદના લલીતચંદ્ર પરદેશી
GJ01013,
ઓથોરીટી અંડર ધી પેમેન્ટ ઓફ વેજીસ એકટ,
લેબરકોર્ટ, સુરત.